# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-11-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM PATEL JAMNAGAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના દરેક શહેરના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. જામનગરમાં 622 કરોડ રૂપિયાથી વધુના 69 વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતાં શ્રી પટેલે કહ્યું, ગત ત્રણ દિવસમાં કચ્છ અને સૌરાષ્ટ્રમાં એક હજાર 800 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયા છે. આ પ્રસંગે શ્રી પટેલે સ્વચ્છતા જાળવવા, પર્યાવરણના જતન માટે વૃક્ષારોપણ કરવા તેમજ જળસંચય માટે જાગૃત થવા સૌને અનુરોધ કર્યો.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

આ પ્રસંગે શ્રી પટેલે જામનગરમાં 226 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે તૈયાર થયેલા સૌરાષ્ટ્રના સૌથી લાંબા ફ્લાયઓવર બ્રિજનું પણ લોકાર્પણ કર્યું. હવે સુભાષ બ્રિજથી સાત રસ્તા સર્કલ સુધીનો નવો માર્ગ મળવાથી નાગનાથ જંક્શન, ગ્રેઈન માર્કેટ, બેડી ગેટ જેવા વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યાનું નિવારણ થશે. અંદાજે ત્રણ હજાર 750 મીટરની લંબાઈ ધરાવતા આ બ્રિજમાં એક હજાર 200થી વધુ વાહન માટે વાહન મૂકવાની જગ્યા, રમતગમત પ્રવૃત્તિઓ તથા ફૂડ ઝોન જેવી સુવિધાનો સમાવેશ કરાયો છે.

. . . . . . . . . . . . .

# DHARMENDRA DIES

હિન્દી સિનેમામાં હી-મેન તરીકે જાણિતા સુપ્રસિદ્ધ અભિનેતા ધર્મેન્દ્રનું આજે અવસાન થયું છે. પંજાબથી સાધારણ શરૂઆતથી લઈ દિગ્ગજ ફિલ્મ કલાકાર બનવા સુધી સ્વર્ગીય ધર્મેન્દ્રનું જીવન જુસ્સા અને સિનેમાથી ભરપૂર રહ્યું. વર્ષ 1935માં જન્મેલા ધર્મેન્દ્રએ ફિલ્મ દિલ ભી તેરા હમ ભી તેરેથી ફિલ્મી સફરની શરૂઆત કરી. ત્યારબાદ શોલે, સત્યકામ, ચુપકેચુપકે, ગુલામી, મેરા ગાંવ મેરા દેશ, નૌકર બીવી કા, આઈ મિલન કી બેલા, પ્રતિજ્ઞા, ધરમવીર જેવી ફિલ્મોથી તેમણે પોતાના ભવ્ય અભિનયનો પરિચય આપ્યો.

છ દાયકાથી વધુની કારકિર્દીમાં તેમણે 300થી વધુ ફિલ્મોમાં કામ કર્યું. ધર્મેન્દ્રને 70-ના દાયકામાં વિશ્વના સૌથી આકર્ષક પુરુષમાંથી એક તરીકે પસંદ કરાયા હતા. વર્ષ 2012માં તેમને પદ્મવિભૂષણ પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.

. . . . . . . . . . . . . .

# ISANPUR DEMOLITION

અમદાવાદમાં ચંડોળા તળાવ બાદ ઇસનપુર તળાવમાં થયેલા ગેરકાયદેસર દબાણ હટાવવાની કામગીરી આજે શરૂ કરવામાં આવી છે. વહેલી સવારથી જેસીબી મશીનની મદદથી દબાણો દૂર કરવામાં આવી રહ્યા છે. કામગીરી દરમિયાન 500થી વધુ પોલીસ જવાનોનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ અંગે મહાપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનર રિધ્ધેશ રાવલે વધુ માહિતી આપી.

(બાઇટ : રિધ્ધેશ રાવલ, Dy.MC)

. . . . . . . . . . . . .

# PALAJ GOVT SCHOOL

ગાંધીનગરના પાલજ ગામની સરકારી પ્રાથમિક શાળાએ રાજ્ય, રાષ્ટ્રીય અને આંતર-રાષ્ટ્રીય સ્તરે નવા વિક્રમ અને સિદ્ધિ મેળવી છે. શાળાને 900થી વધુ સિક્કાના સંગ્રહ બદલ “વર્લ્ડવાઈડ બૂક ઑફ રૅકોર્ડ”માં સ્થાન મળ્યું છે. જ્યારે ભારતીય ટૅક્નોલૉજી સંસ્થા – IIT પ્રેરિત “ક્યૂરિયોસિટી કાર્નિવલ - 2025” પ્રથમ ક્રમ અને રાજ્યકક્ષાનો “ક્લાયમૅટ ચૅન્જ ઍવોર્ડ 2025” પ્રાપ્ત કરનારી રાજ્યની અનોખી શાળા બની છે.

ઉપરાંત પ્લાસ્ટિકમુક્ત ગામ થકી આબોહવા પરિવર્તનની વિશેષ પહેલ શરૂ કરનારી શાળાને પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી હતી. ક્લાઇમૅટ ચૅન્જ ઍવોર્ડ બદલ શાળાને એક લાખ રૂપિયાની ઇનામ પણ અપાયું.

. . . . . . . . . . . . .

# MSN DOODHSAGAR DAIRY

મહેસાણાની દૂધસાગર ડૅરીમાં નિયામક મંડળની ચૂંટણી માટે ઉમેદવારીપત્રક ભરવાનો આજે છેલ્લો દિવસ છે. ત્યારે ડૅરીના વર્તમાન

અધ્યક્ષ અશોક ચૌધરીએ પણ આજે ઉમેદવારીપત્રક ભર્યું. આવતીકાલે પત્રકોની ચકાસણી કરાશે.

ચૂંટણી અધિકારી દેવાન્ગ રાઠોડે જણાવ્યું, અત્યાર સુધીમાં 60 જેટલા પત્રકનું વિતરણ થયું છે. ઉમેદવારો આગામી 27 તારીખ સુધી પોતાના પત્રક પરત ખેંચી શકશે. જ્યારે હરીફ ઉમેદવારોની યાદી 28મીએ પ્રસિદ્ધ કરાશે.

. . . . . . . . . . . . .

# UNITY MARCH

સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે, આજે દીવ વહીવટી તંત્ર, દ્વારા જિલ્લામાં "એકતા પદયાત્રાનું યોજાઇ. ડેપ્યુટી કલેક્ટર શિવમ મિશ્રાએ લીલી ઝંડી આપી અને યાત્રાનું પ્રસ્થાન કરાવ્યા બાદ પ્રતિક્રિયા આપી.

(બાઇટ : શિવમ મિશ્રા, ડેપ્યુટી કલેક્ટર)

. . . . . . . . . . . . .

# SAURASHTRA BHUKAMP

સૌરાષ્ટ્રમાં ગઈકાલે મોડી રાત્રે ફરી ભૂકંપના આંચકાઓ અનુભવાયા. ગાંધીનગરના ભૂકંપવિજ્ઞાન કેન્દ્રની સત્તાવાર માહિતી મુજબ, રાત્રે ત્રણ વાગ્યાને છ મિનિટે ભૂકંપના આંચકાઓ અનુભવાયા. રેક્ટર સ્કેલ

પર તેની તીવ્રતા ત્રણની માપવામાં આવી છે. જ્યારે ભૂકંપનું કેન્દ્ર બિન્દુ તાલાલાથી 15 કિલોમીટર દૂર નોંધાયું હતું.

. . . . . . . . . . . . . .